જૈન

# પૂજ્ય 'સૌરાષ્ટ્ર કેસરી' આચાર્યદેવશ્રી
# વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ.સા.
## સ્મૃતિ વિશેષાંક

"જૈન" પત્રના વાચકોને પરમપૂજ્ય 'સૌરાષ્ટ્ર કેસરી' આચાર્યદેવશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મ. સા.નો તેમની સાહિત્યકૃતિ— 'મંગલદ્વાર' ભેટ પુસ્તક દ્વારા, તેઓશ્રીની અવારનવાર લેખન કૃતિઓ દ્વારા તેમજ તેમની શાસનપ્રભાવનાની અનેક પ્રવૃત્તિઓના સમાચાર દ્વારા પરિચય છેલ્લા ૪૦–૪૫ વર્ષથી નિયમીત અપાય રહેલ છે.

પૂજ્યશ્રીની વિરાટભૂમિ સારુયે ભારત હોય આપને ત્યાં ગુરુદેવશ્રીના સમાગમ દ્વારા સદેહ પ્રત્યેકને પરિચય થયેલ હશે। તેમની વ્યાખ્યાન વાણી તથા સમાગમ દ્વારા જીવનમાં રાહરૂપ બનેલ હશે. આપે આપના પરિવારમાંથી કે આપના સ્નેહિજનોમાંથી કોઈ કે પણ તેઓશ્રીની નિશ્રામાં ધર્મવૃદ્ધિ અર્થે તપ, ધર્મદેશના કે સંઘયાત્રા કરવાનો લ્હાવો મેળવેલ જ હશે. એવા સર્વવ્યાપી ગુરુદેવશ્રીની જીવન સાધનાની વાતો જે અંગત વાતો નહીં રહેતા શાસન અને સંઘની ધર્મ મંગળરૂપ વાતો હોય ઇતિહાસમાં સચવાય રહે તે માટે તેમજ તેઓશ્રીની જીવન અને કાર્યની અનુમોદનારૂપ અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો, ગુરુદેવો, સાધ્વીજી મહારાજો, શ્રીસંઘો, સંસ્થાઓ, મંડળો, શ્રાવક ભાઈ–બહેનો દ્વારા શોકસંદેશારૂપ ભાવાંજલિ અર્પેલ તે તથા પૂજ્યશ્રીનું